# ચિલોડા વિસ્તાર જ બસ સ્ટેન્ડથી વંચિત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા ચિલોડા વિસ્તારમાં જ બસ સ્ટેન્ડની ઉણપ વર્તાય છે. હિંમતનગર અને ગાંધીનગર તરફના માર્ગે બસ સ્ટેન્ડ ન હોવાથી મુસાફરોને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. બસ ન આવે ત્યાં સુધી ખડેપગે રહેવાનો વારો આવે છે. ત્યારે તંત્ર દ્વારા તાત્કાલીક આ વિસ્તારમાં બસ સ્ટેન્ડ બનાવાય તેવી માંગ મુસાફરોમાં ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં જ તમામ બસ સ્ટેન્ડના સ્થાને નવિન આધુનિક બસ સ્ટેન્ડ બનાવાયા છે. મુસાફરોનો ધસારો હોય તેવા પોઈન્ટ પર પણ બસ સ્ટેન્ડ મુકવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરનું પ્રવેશદ્વાર સમાન ચિલોડા વિસ્તાર બસ સ્ટેન્ડથી વંચિત રહેવા પામ્યું છે. ચિલોડાથી સાબરકાંઠા, અરવલ્લી અને રાજસ્થાન તરફનો માર્ગ વાહન વ્યવહાર હોવાથી રોજના હજ્જારો મુસાફરો અહીંથી આવન જાવન કરે છે. ત્યારે હિંમતનગર અને ગાંધીગર તરફના સ્થળે બસ સ્ટેન્ડ ન હોવાથી મુસાફરોને ભારે અગવડતા વેઠવી પડે છે. શિયાળાની સિઝનમાં તો ઠીક પરંતુ ઉનાળાની કાળઝાળ ગરમી અને વરસાદની સિઝનમાં મુસાફરોની હાલત કફોડી બની જાય છે. જો કે બસ સ્ટેન્ડ હોય તો તેમાં ઉભા રહીને પણ બસની રાહ જોવામાં સરળતા રહે અને તાપ અને વરસાદથી બચી શકાય. પરંતુ જે વિસ્તારમાં મુસાફરોનો સૌથી વધુ ધસારો છે ત્યાં જ તંત્ર દ્વારા બસ સ્ટેન્ડ મુકવામાં નહીં આવતા મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે તાત્કાલીક અસરથી ચિલોડા વિસ્તારમાં નવીન બસ સ્ટેન્ડ મુકવામાં આવે તેવી લાગણી અને માંગણી મુસાફરોની છે.

## કલોલના ગણપતપુરા કેનાલમાંથી ડભોડાના લાપતા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૭

ડભોડા ગામમાં રહેતો પરિણીત યુવાન ત્રણેક દિવસથી લાપતા હતો. ગઈ કાલે તેનું બાઈક રાયપુર કેનાલ બહારથી મળી આવ્યું હતું. પોલિસ અને પરિવારજનો દ્વારા તેની શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન કલોલના ગણપતપુરા પાસે નર્મદા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો છે. સાંતેજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

ડભોડાનો યુવાન પરેશ ઉર્ફે વિજયજી અમરતજી ઠાકોર ૨૪ ડિસેમ્બરે પોતાના ઘરેથી બાઈક લઈને નીકળ્યા બાદ લાપતા થઈ ગયો હતો. પરિવારજનોએ આદરેલી શોધખોળને અંતે પણ કોઈ સફળતા ન મળતા ડભોડા પોલિસ મથકમાં ગુમ થયા અંગે જાણવા જોગ નોંધાવા પામી હતી પોલિસ અને પરિવારજનો શોધખોળ કરી રહ્યા હતા. દરમિયાન ગઈ કાલે રાયપુર નર્મદા કેનાલ બહારથી તેનું બાઈક અને ચંપલ મળી આવ્યા હતા. ત્યારબાદ કલોલના ગણપતપુરા નર્મદા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આપઘાત કરનાર યુવાનનો મૃતદેહ રાયપુરથી તણાઈને કલોલ ગણપતપુરા કેનાલ સુધી પહોંચી ગયો હતો. કલોલની સાંતેજ પોલિસે ગુનો નોંધી યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. મૃતક યુવાનની સાસરી સબાસપુર છે. પોલિસે પારિવારીક સમસ્યાઓ હતી કે આર્થિક તે સહિતની તપાસ શરુ કરી છે.

## જી.ડી.સ્કુલ ખાતે જનરલ નોલેજ પુસ્તક વિતરણ કાર્યક્રમ યોજાયો

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ૧૦૦થી વધુ ઉમેદવારોને શ્રધ્ધાંજલિ સ્વરુપે પુસ્તક અર્પણ કરાયા**

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદના સૈજપુર બોઘા ખાતે આવેલ જી.ડી. સ્કુલ ખાતે તા. ૨૫ ડિસેમ્બરને સોમવારના રોજ પરિક્ષાની તૈયારીઓ કરતા હોય તેવા ઉમેદવારોને માર્ગદર્શન મળી રહે તે માટે સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસ ચલાવતા આગેવાન આવ્યા હતા.



સવારે ૧૧ કલાકે સ્વ. મધુબેન ઈશ્વરભાઈ રાઠોડની યાદમાં શ્રધ્ધાંજલિ સ્વરુપે જનરલ નોલેજના ૧૦૦ થી વધુ પુસ્તક વિનામુલ્યે વિવિધ પરિક્ષાઓની તૈયારી કરતા હોય તેવા ઉમેદવારોને આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટર, સમાજના આગેવાનો, ગાંધીનગર શહેરના અગ્રણી સીતારામભાઈ પટેલ, ઈશ્વરભાઈ રાઠોડ, વત્સલા રાઠોડ સહિત સમાજના મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા. સવારથી સાંજ સુધી ચાલેલા કાર્યક્રમમાં વિવિધ તેઓએ પણ વિદ્યાર્થીઓને જરુરી માર્ગદર્શન અને ટીપ્સ આપી હતી. સમાજમાં મૃત્યુ બાદ વિવિધ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે છે. ત્યારે સમાજનો યુવાવર્ગ શિક્ષિત બને અને આગળ આવે તે માટે આ અનોખો કાર્યક્રમ યોજી ને પિતા અને દિકરીએ સમાજને અનોખુ ઉદાહરણ પુરુ પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે ઈશ્વરભાઈ રાઠોડ સેકટર-૨૫ માં વસવાટ કરે છે અને તેમની દિકરી વત્સલા હાલ વલસાડ ખાતે જુનિયર ક્લાર્કમાં ફરજ બજાવે છે.

## અમદાવાદના અસલાલી વિસ્તારમાંથી ૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

અમદાવાદ, તા. ૨૭

રાજ્યભરમાં નવા વર્ષની ધામધૂમથી ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. તો બીજી બાજુ નશાનો વેપલો કરતા બુટલેગરો પણ સક્રિય થયા છે. અમદાવાદના અસલાલી વિસ્તારમાંથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ છે. ટ્રકમાંથી આશરે ૧૪૫૦ પેટી વિદેશી દારૂ ઝડપાયો છે. જેની કિંમત ૫૮ લાખ રૂપિયા જેટલી થાય છે. આર.આર.સેલે બાતમીના આધારે આ દારૂ ભરેલ ટ્રક ઝડપી લીધી છે. સાથે જ ટ્રક ચાલકની પણ ધરપકડ કરવામાં આવી છે. ગુજરાતમાં દારૂ બંધીનો કડક અમલ હોવા છતાં દારૂ ભરેલી આખી ટ્રક રાજ્યની બોર્ડર ક્રોસ કરીને કેવી રીતે ઘુસી શકે તે મોટો સવાલ છે.

## સલમાન ખાન અને શિલ્પા શેટ્ટી સામે ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન

**ભારત મુકિત મોર્ચા અને ગુજરાત સ્ટેટ વાલ્મિકી ડેવલપમેન્ટ ફેડરેશનના સભ્યો દ્વારા સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શીત કરી આ અંગે યોગ્ય કરવા કલેકટરને આવેદન પત્ર આપ્યું**

ગાંધીનગર, તા. ૨૭

બોલીવુડના ફિલ્મસ્ટાર બોલીવુડના સુપરસ્ટાર સલમાન ખાન અને શિલ્પા શેટ્ટીએ ફિલ્મ પર પ્રતિબંધ મુકાવો જોઈએ. અભદ્ર ટીપ્પણી કરતા વાલ્મીકી સમાજની લાગણી દુભાઈ છે. કોઈપણ સમાજ માટે કંઈપણ બોલવુ તે કોઈના પણ અધિકારમાં આવતું નથી.ત્યારે કલાકારોએ સમાજનું અપમાન કરીને ઠેસ પહોંચાડી છે. ત્યારે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત સ્ટેટ વાલ્મીકી ડેવલપમેન્ટ ફેડરેશન અને ભારત મુકિત મોર્ચાના હોદેદારો એકઠા થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું.






સલમાન ખાન અને શિલ્પા શેટ્ટીએ વાલ્મીકી સમાજ માટે અભદ્ર ટીપ્પણી કરતા સમગ્ર વાલ્મીકી સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો છે. આ બંન્ને કલાકારો સામે એટ્રોસીટી એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે તે માટે તંત્ર સમક્ષ રજુઆત કરી છે. આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત સ્ટેટ વાલ્મીકી ડેવલપમેન્ટ ફેડરેશન અને ભારત મુકિત મોર્ચાના હોદેદારો એકઠા થયા હતા અને આ બંન્ને કલાકારો સામે વિરોધ નોંધાવી જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી યોગ્ય કરવા રજુઆત કરી હતી. તાજેતરમાં વાલ્મીકી સમાજને અપમાનિત કરતા શબ્દો વાપરીને સમગ્ર સમાજનું અપમાન કર્યું છે. આ બંન્ને કલાકારોની આગામી આવનાર ત્યારબાદ વાલ્મીકી સમાજના આગેવાનોએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા જણાવ્યું હતું.

## સ્વનિર્ભર શાળાઓની નફાખોરી સામે હાઈકોર્ટમાં સરકાર રજૂઆત

ગાંધીનગર, તા. ૨૭

સ્કુલ ફી નિયમનના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટ તરફથી આજે ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો હતો. રાજય સરકાર તરફથી મુખ્ય સરકારી વકીલ મનીષા લવકુમાર શાહે બહુ મહત્વપૂર્ણ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, સ્વનિર્ભર શાળાઓ શિક્ષણના નામે વ્યાપારીકરણ કે નફાખોરી રળી શકે નહી. સરકારે વાલીઓ અને શાળાઓ દ્વારા વાલીઓ પાસેથી ઉઘરાવાતી બેફામ અને અમર્યાદિત ફીને નિયંતિત્ર કરવાના ઉમદા હેતુસર જ સરકારે આ કાયદો લાગુ કર્યો છે. શાળાઓ એ ચેરિટેબલ ટ્રસ્ટ કે કંપનીના ધોરણે ચાલે છે અને તેથી તેઓ નફાખોરી રળી શકે નહી. સરકારે ફી નિર્ધારણ કમીટી બનાવી છે અને તે શાળાની ફી, ખર્ચ, ફુગાવા, શિક્ષકોના પગારધોરણ સહિતની બાબતોને ધ્યાનમાં લઈને ફી નક્કી

### ચુકાદાની અસર શું થશે

- ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાને પગલે હવે રાજયભરની ખાનગી અને સ્વનિર્ભર શાળાઓ પોતાની મરજીમુજબની, મનસ્વી અને બેફામ ફી વસૂલી શકશે નહી
- વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ઉંચી તગડી ફી વસૂલવાની દુષ્પ્રવૃત્તિ પર રોક લાગશે
- હાઈકોર્ટના આ ચુકાદાથી ખાનગી અને સ્વનિર્ભર શાળા અને તેના સંચાલકોની નૈતિક અને કાનૂની રીતે બહુ મોટી હાર થઈ છે
- આ ચુકાદાને પગલે શાળા સંચાલકોની વર્ષોથી ચાલી આવતી ફી ની ઉઘાડી લૂંટની દુષ્પ્રવૃત્તિ સામે લગામ કસાશે
- સરકારે કાયદામાં નિર્દિષ્ટ કરેલી જ ફી ખાનગી શાળાઓ વસૂલી શકશે
- જો વધુ ફી વસૂલવી હશે તો તેના કારણો આપી ફી નિયમન કમીટી સમક્ષ રજૂઆત કરવી પડશે
- શાળાની આ દરખાસ્ત પરત્વે ફી કમીટી કાયદાનુસાર નિર્ણય લેશે

વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને કાયદો અમલી બનાવ્યો છે. ખાનગી સ્વનિર્ભર કરશે. આ કાયદામાંથી સ્વનિર્ભર શાળાઓ, લઘુમતી શાળાઓ કે કોઈ બાકાત રહી શકે નહી કારણ કે, કાયદો સૌકોઈને એકસમાન રીતે જ લાગુ પડે. શાળાઓ તરફથી આરટીઈ એકટ હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને પ્રવેશ આપવાની જોગવાઈ હોવાથી આ કાયદાની જરૂરિયાત નહી હોવાનો જે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તે મુદ્દે સરકારે જણાવ્યું હતું કે, આરટીઈ એકટ અને સ્વનિર્ભર શાળા ફી નિયમન કાયદો બંને અલગ અલગ છે. આરટીઈ એકટમાં ૬થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ છે, જયારે પ્રસ્તુત કાયદામાં ફી નિયંત્રિત કરવાની વાત છે, આમ બંને કાયદાનો હેતુ અને અમલીકરણ અલગ અલગ છે, તેથી શાળા સંચાલકોની રિટ અરજીઓ ટકી શકે તેમ નથી. કાયદાકીય અને બંધારણીય જોગવાઈ મુજબ, રાજયમાં શિક્ષણ મફત હોવું જોઈએ પરંતુ ખાનગી સ્વનિર્ભર શાળાઓના સંચાલકોને મફત કે યોગ્ય ફીના ધોરણે શિક્ષણ આપવામાં રસ નથી, તેઓને તેમની શાળાઓના તગડા ખર્ચાઓ કાઢવા અને નફાખોરી રળવામાં રસ છે. ખાનગી સ્વનિર્ભર શાળા સંચાલકોને તેમના ખર્ચાઓ કઈ રીતે વસૂલવા તેની ચિંતા છે પરંતુ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની ચિંતા નથી.

## સરઢવ કેળવણી મંડળનો ૩૧મીએ અમૃત મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૭

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળનો અમૃત મહોત્સવ ૩૧મી ડિસેમ્બરના રોજ સરઢવ ખાતે ધામધૂમથી ઉજવવામાં આવશે. આ અમૃત મહોત્સવની ઉજવણી અંગેની તડામાર તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

સંસ્થાની એક યાદીમાં જણાવ્યા અનુસાર સરઢવની ઐતિહાસિક તવારીખમાં ભારતની આઝાદી પહેલાનાં સને ૧૯૪૦ થી ૧૯૪૨ના વર્ષ ઉજ્જ્વળ શૈક્ષણિક ક્રાંતિના યુગના પગરણ રૂપે અંકિત થયા. કેળવણીના યજ્ઞરૂપ યુ ક્રયના અધિષ્ઠાતા પુણ્ય શ્લોક શેઠશ્રી શામળદાસ મોતીચંદ શાહ પરિવારની ઉદાર દેણગી, શેઠ શ્રી મોહનલાલ ઓતમચંદ શાહ પરિવારનો અમૂલ્ય સહયોગ અને ઋષિ તુલ્ય સ્વ. પૂ. વિષ્ણુપ્રસાગ જહાનું સ્તુત્ય કર્તવ્ય અને આગેવાનોના કુનેહપૂર્ણ નેતૃત્વનો સુભગ ત્રિવેણી સંગમ રચાયો. ૧-૮-૪૧ થી શેઠ શામળદાસ મોતીચંદ એ.બી. સ્કુલ રૂપે શાળા અસ્તિત્વમાં આવી. આ પછી કાળક્રમે ઉચ્ચત્તર પ્રવાહ દાખલ થતાં પુનઃ શેઠ શામળદાસ મોતીચંદ હાઈસ્કૂલ એન્ડ બી. પી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ હાલ છે. આપછી પૂ. છગનભાને કૃતાંજલિ રૂપે છગનભા સાર્વજનિક પ્રાથમિક શાળા રૂપે સુવર્ણ જયંતિ મહોત્સવના અવસરે પ્રાથમિક વિભાગના એકમને પણ કાર્યરત કરવામાં આવ્યું.

સંસ્થા દ્વારા હાઈબા શિશુ વિહા, જીવીબા શિશુ વિહારનું પણ સફળ સંચાલન કરવામાં આવી રહ્યું છે.

સંસ્થાના અમૃત મહોત્સવની ઉજવણીમાં ષષ્ઠ પિઠાધિશ્વર પૂ.ગો. ૧૦૮ દ્વારકેશલાલજી મહારાજના ખાસ આશિષ મળશે. આ મહોત્સવની ઉજવણીનું અધ્યક્ષસ્થાન ગૌતમભાઈ સી. પટેલ શોભાવશે. જ્યારે અમૃત મહોત્સવનું ઉદઘાટન વલ્લભભાઈ પટેલ, ચેરમેન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર કરશે.

આ પ્રસંગે ડૉ. મુકુન્દ ઠાકર પણ ખાસ મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે. આ પ્રસંગે પ્રબુદ્ધ ચિંતક જય વસાવડા, ડૉ. કે. ટી. પટેલ, સુભાષચંદ્ર શાહ, દર્શનભાઈ એન. પટેલ, ભાગ્યેશ જહા, ચારૂબેન શૈલેષભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

સંસ્થા દ્વારા આ દિવસે સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે સંસ્થાના બાળકો દ્વારા પ્રસ્તુત કરાશે. આ સાંસ્કૃતિક કાર્યક્રમનું ડૉ. ધવલ પટેલ (કલેક્ટર, આણંદ) ઉદઘાટન કરશે. જ્યારે સમારોહનું પ્રમુખ સ્થાન તરૂબેન અમીન અને અતિથિ વિશેષ તરીકે ડી. પી. પટેલ ઉપસ્થિત રહેશે.

સંસ્થાના અમૃત મહોત્સવ પર્વની ઉજવણીને લઈ એક ખાસ સોવેનિયર પણ સંપાદિત કરવામાં આવ્યું છે. જેમાં સંસ્થાની ગઈકાલ, આજ અને આવતીકાલની વાતોને વણી લેવમાં આળી છે.

આ માટે સંસ્થા દ્વારા વિવિધ સમિતિઓની પણ રચના કરવામાં આવી છે. તેમજ સંસ્થા જે હવે કેળવણી ક્ષેત્રે વટવૃક્ષ બની ચુકી છે તેના વિસ્તાર વિશે પણ આ દિવસે ખાસ ચિંતન કરવામાં આવશે.

## પીડીપીયુના મહિલા એનસીસી ઓફિસરની અનોખી સિધ્ધિ

**લેફ્ટેનન્ટ ખુશાલી પુરોહિતે એક વર્ષમાં ૨૦૦ કિમીથી ૧ હજાર કિમીની પાંચ સાયકિલંગ ચેલેન્જ પૂર્ણ કરી : વર્ષ ૨૦૧૯માં પેરિસ ખાતે ૧૨૦૦ કિમીની ચેલેન્જ માટે કવોલિફાય થનાર ગુજરાતના પ્રથમ મહિલા સાયકિલસ્ટ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની પીડીપીયુ ખાતેના એનસીસી ઓફિસર લેફ્ટેનન્ટ ખુશાલી પુરોહિત પેરિસ ખાતે વર્ષ ૨૦૧૯માં યોજાનાર વિશ્વ સ્તરની સાયકિલંગ સ્પર્ધા પીબીપી માટે કવૉલિફાય થયા છે. પીબીપીમાં કવૉલિફાય થવા માટે તેમણે બ્રેવેસ્ટ રેન્ડોનર્સ મોન્ડયુઅકસ અંતર્ગત એક વર્ષમાં ૨૦૦ કિમી, ૩૦૦ કિમી, ૪૦૦ કિમી, ૬૦૦ કિમી અને ૧ હજાર કિમીની સાયકિલંગ ચેલેન્જ પુરી કરી છે. હવે તેઓ વર્ષ ૨૦૧૯માં પેરિસ બ્રેસ્ટ પેરિસની ૧૨૦૦ કિમીની ચેલેન્જમાં ભાગ લેનાર ગુજરાતની પ્રથમ મહિલા સાયકિલસ્ટ બનશે.

ધ સાયકિલંગ કલબ ઓફ બરોડા અને ઔડકસ કલબ પેરિસનના સંયુકત ઉપક્રમે સુપર રેન્ડોનર્સ એટલે કે શ્રેષ્ઠ સાયકિલસ્ટ માટે જુદા જુદા અંતરની સાયકિલંગ



ચેલેન્જનું આયોજન કરવામાં આવે છે જેને નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોય છે. જે એક વર્ષમાં પાંચ ચેલેન્જ પુરી કરે તે સુપર રેન્ડોનર કહેવાય છે. અને તેને પેરિસ ખાતેની વૈશ્વિક સ્તરની ૧૨૦૦ કિમીની સાયકિલંગ માટે પસંદગી કરવામાં આવે છે.

પીડીપીયુના એનસીસી ઓફિસર લેફ્ટેનન્ટ ખુશાલી પુરોહિતે આ ચારેય ચેલેન્જ નિયત સમય મર્યાદામાં માત્ર એક જ વર્ષમાં પૂર્ણ કરી છે જેમાં તેમણે ૧ હજાર કિમીની છેલ્લી ચેલેન્જ ૭૫ કલાકના બદલે ૭૪.૦૫ કલાકમાં જ પૂર્ણ કરી હતી. તેઓને સુપર રેન્ડોનરનો ખિતાબ પ્રાપ્ત થયો હતો. સુપર રેન્ડોનર બન્યા બાદ ૧૦૦૦ કિમીની ચેલેન્જ પુરી કરતા તેઓ પીબીપી ચેલેન્જ માટે કવૉલિફાય થનાર ગુજરાતના પ્રથમ મહિલા સાયકિલસ્ટ બન્યા છે.

## જે શાળાઓએ વધુ ફી લીધી હશે તેણે ક્રેડિટ આપવી પડશે

ગાંધીનગર, તા. ૨૭

ફી નિયમનના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આજે આપ્યો હતો. હાઈકોર્ટે તેના ચુકાદામાં એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે, જે શાળાઓએ સરકારે નિયત કરેલી ફી કરતાં વધુ ફી ઉઘરાવી હશે તેવી શાળાઓએ વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક સત્રમાં વધારાની ઉઘરાવેલી ફીની રકમ મજરે આપવી પડશે એટલે કે, ક્રેડિટ આપવી પડશે. જે વિદ્યાર્થીઓએ અને વાલીઓએ શાળા દ્વારા ઉઘરાવાયેલી વધારાની ફી મુદ્દે તેમને કોઈ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે, શાળા સંચાલકોએ નવા સત્રમાં તફાવતની રકમ ક્રેડિટ આપવી પડશે એટલે કે, નવા સત્રની ફીમાં તેટલી રકમ વાળી આપવી પડશે. રાજય સરકારના ફી નિયમન કાયદામાં બહુ વિસ્તૃત અને અસરકારક જોગવાઈ લાગુ કરવામાં આવી છે જે મુજબ, જો કોઈ ખાનગી કે સ્વનિર્ભર શાળા દ્વારા સરકારના ફી નિયમન કાયદાનો ત્રણ વાર ભંગ કરાશે તો, તે શાળાની શૈક્ષણિક માન્યતા રદ કરી દેવાશે. પહેલીવાર કાયદાનો ભંગ કરશે તો, તેને પાંચ લાખ રૂપિયાનો દંડ, બીજીવાર કાયદાના ભંગ બદલ રૂ. દસ લાખનો દંડ અને ત્રીજી વાર કાયદાના ભંગ બદલ શાળાની સીધી માન્યતા જ રદ કરવાની કાયદામાં જોગવાઈ છે.

### જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગામ બામણી તાલુકો મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

**બામણી-૧**

૧.પાઈપલાઈન લેબર કામ ઘર જોડણ ૪,૩૬,૮૬૦.૮૦
૨.૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી, હવાડો ૩૬૮૦૨૮.૩૬

**બામણી-૨**

૩. પાઈપલાઈન લેબર કામ. ઘર જોડણ, હવાડો ૪,૭૧,૧૧૨.૭૦
૪. ૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૨,૯૨,૩૦૫.૬૪

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂા.૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩૧/૧૨/૨૦૧૭ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજુ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૦૬/૦૧/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૦૮/૦૧/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે રકમના ૧% રકમનો એફ.ડી.આર./ડી.ડી./બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી બામણી જળ અને સ્વચ્છતા સમીતીના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજૂર કે રદ કરવાનો અબાધીત અધીકાર સમીતી નો રહેશે.

**: ટેન્ડર મોકલવાનું સરનામું :**
**અધ્યક્ષશ્રી બામણી જળ અને સ્વચ્છતા સમીતી,**
**તાલુકો-મેઘરજ, જીલ્લો-અરવલ્લી**





નવનિર્વાચિતનું સન્માન : ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર વિજયી બનેલ ડૉ. સી. જે. ચાવડાનું સન્માન કોંગ્રેસ પરિવાર દ્વારા ભારે ઉલ્લાસપૂર્વક કરાયું હતું. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસની વિવિધ પાંખો દ્વારા ડૉ. સી. જે. ચાવડાનું સન્માન કરાયું હતું. સન્માનના પ્રત્યુત્તરમાં ડૉ. ચાવડાએ શહેર જિલ્લાના વિકાસ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને સાથોસાથ કાર્યકરોના કોઈપણ પ્રશ્નો માટે સાથે રહેવાની ખાતરી આપી હતી.